**:: આંક-૬૩ ની અરજી હેઠળ હુકમ ::**

(૧) હાલની દરખાસ્ત દાખલ કરેલ ત્યારે સામાવાળાને કરેલ નોટીસ સામાવાળા નં. ૧,૪ અને ૬ અને ૭ વતી અને સામાવાળા નં.૨ તરીકે જાતે તા.૨૬.૦૭.૨૦૨૨ ના રોજ આંક-૯૨ વાળી નોટીસ પ્રતિવાદી નં.૨ નાએ સ્વીકારેલ છે તથા પ્રતિવાદી નં.૫ ને આંક-૯૨ થી તા.૩૦.૦૭.૨૦૨૨ ના રોજ દરખાસ્તની નોટીસ બજેલ છે અને સામાવાળા નં.૩ અને ૮ નાને જાહેર સંમસ માર્ક ૩૬/૧ મુજબ તા.૧૩.૦૬.૨૦૨૫ ના રોજ બજેલ છે. સામાવાળાઓ કોઇ હાજર થઇ દરખાસ્ત મુજબની રકમ જમા નહી કરાવતા કે દરખાસ્ત સામે કોઇ વાંધા રજુ નહી કરતા વાદીએ હાલની અરજી તા.૦૭.૦૨.૨૦૨૬ ના રોજ સી.પી.સી. ઓર્ડર-૨૧, રૂલ-૩૭ તથા કલમ-૪૦ તથા સી.પી.સી. કલમ-૫૫ મુજબ પ્રતિવાદીઓને જેલમાં બેસાડવા માટે આપેલ છે. જે અરજી સામે પ્રતિવાદી નં.૨ નાએ આંક-૬૫ થી બજવણી અરજી સામે વાંધા આપેલ છે તેમજ પ્રતિવાદી નં.૫ રાજેન્દ્ર વાલજીભાઇને આંક-૯૯ થી અરજીની નોટીસ બજી ગયેલ છે અને સામાવાળા નં.૪, ૬, ૭ ને તા.૨૮.૦૨.૨૦૨૬ ના રોજની નોટીસ આંક-૧૦૦ થી આંક-૧૦૩ મુજબ બજેલ છે. તેમજ પ્રતિવાદી નં.૨ તરફે આંક-૭૦ થી હાલની આંક-૬૩ વાળી અરજી સામે વાંધા ફાઇલ કરેલા છે. આંક-૭૯ થી પ્રતિવાદીઓ સામે હાલની દરખાસ્ત દાખલ કર્યા બાદ બાકી નીકળતી રકમ અંગેનુ સોગંદનામુ તથા આંક-૮૦ થી પુરસીસ રજુ થયેલ છે.

(૨) સામાવાળાના વિ.વ.શ્રીને નોટીસ બજી જવા છતાં સામાવાળા નં.૨ સીવાય અન્ય કોઇ સામાવાળા હાજર રહેલ નથી કે કોઇ વાંધા જવાબ ફાઇલ કરેલ નથી.

(૩) સામાવાળા નં. ૨ તરફે વિ.વ.શ્રી જે.આઇ. સેલતનાએ હાજર થઇ આંક-૬૫ થી બજવણી સામે વાંધા રજુ કરેલ છે અને તેઓની દલીલ છે કે, અરજદારે જે એવોર્ડ અન્વયે દરખાસ્ત દાખલ કરેલ છે તે રદ થવા પાત્ર છે અને અમલવારી કરવા પાત્ર નથી. કલમ-૮૪ હેઠળ

આર્બીટ્રિટરની જે નિમણુક કરેલ છે તે જ ગેરકાયદેસર છે અને કલમ-૪૭(૧) મુજબ બજવણી રાહેની તમામ બાબતો અત્રેની અદાલતે નકકી કરવાની હોય છે. આર્બીટ્રિશન એકટની કલમ-૭ મુજબ આર્બીટ્રિટરની નિમણુક કરવાનુ એગ્રીમેન્ટ નથી અને કલમ-૨૧ મુજબની નોટીસ આપવામાં આવેલ નથી જેથી પ્રક્રિયામાં ખામી છે. લોન એગ્રીમેન્ટમાં પણ આર્બીટ્રિશનની નિમણુકની કોઇ જોગવાઇ નથી કે આર્બીટ્રિશનની નિમણુક માટેનો બીજો કોઇ કરાર કે સંમંતિ નથી જેથી આર્બીટ્રિટટરને કોઇ પણ પ્રકારની હકુમત કે સત્તા નથી જેથી આર્બીટ્રિટર દ્વારા કરવામાં આવેલ હુકમ પ્રથમથી જ વ્યર્થ છે તેમજ વધુમાં અમારી દલીલ છે કે, રીસ્પોડન્ટસને નોટીસ આપવી જોઇએ અને નોટીસ આપ્યા પછી આર્બીટ્રિશનના પ્રોસીડિંગ્સ શરૂ થઇ શકે અને કલમ-૨૭ મુજબની નોટીસ આપેલ નથી જેથી પણ નોટીસ વ્યર્થ છે. અમારી મુખ્ય તકરાર આર્બીટ્રિશનને કોઇ કલોઝ નથી જેથી આર્બીટ્રિટરની નિમણુક થઇ શકે તેમ નથી. અમે આંક-૮૮ થી જે સાઇટેશન રજુ કરેલ છે અને હાલની દરખાસ્તની કાયદાકીય સ્થીતી રજુ કરેલ છે જે તમામ બાબત ધ્યાને લઇ અમારા વાંધા ગ્રાહય રાખી હાલની દરખાસ્ત રદ કરવા વિનંતી છે.

(૪) દરખાસ્તદાર તરફે વિ.વ.શ્રી આર.બી.ભટ્ટની દલીલ છે કે, પ્રતિવાદી નં.૨ નાએ આર્બીટ્રિશનની પ્રોસીડિંગ્સમાં હાજર થઇ કોઇ તકરાર લીધેલી નથી. પ્રતિવાદી નં.૨ નાએ હાલની દરખાસ્તના કામે હાઇકોર્ટમાં સી.એમ.એ. કરેલ તેમાં તા.૧૬.૦૨.૨૦૨૬ ના રોજ હુકમ કરેલ તેવી કોઇ વિગત જાહેર કરેલ નથી અને પ્રતિવાદી નં.૨ નાએ હાઇકોર્ટમાં કરેલ સી.એમ.એ.ની નકલ રજુ કરે તો જ ખરેખર ખ્યાલ આવે કે કયા મુદા ઉપર તેઓ હાઇકોર્ટમાં ગયેલા. હાલની દરખાસ્તની નોટીસ બજેલ ત્યારે પણ આર્બીટ્રિશન અંગેની કોઇ તકરાર લીધેલ નથી કે, આર્બીટ્રિટરના એવોર્ડને ચેલેન્ઝ કરેલ નથી. સામાવાળા નં.૨ નાએ જે જજમેન્ટ રજુ કરેલ છે તે સોલ આર્બીટ્રિટર અંગેનો છે. અમે સોલ આર્બીટ્રિટર નથી. હાલના કેસમાં આર્બીટ્રિટરની જે નિમણુક કરવામાં આવેલ છે તે મલ્ટી સ્ટેટ કો ઓપરેટીવ સોસાયટી એકટ હેઠળ કરવામાં

આવેલ છે જેથી દરખાસ્તદારે જે ચુકાદા રજુ કરેલા છે તે લાગુ પડતા નથી અને કલમ–૩(એન) તથા કલમ–૮૪ મુજબની કાર્યવાહી હોય એગ્રીમેન્ટની જરૂર નથી કે સામાવાળાની સંમંતિની જરૂર નથી. આંક–૭૯ મુજબ અમોએ જે લેખિત રજુઆત કરેલ છે તે મુજબ કુલ ૭,૫૬,૧૬૧,૪૭/– (સાત કરોડ છપ્પન લાખ એકસોએકસઠ સુડતાલીસ રૂપિયા) તા.૩૦.૦૪.૨૦૨૬ ના રોજ બાકી છે. તમામ પક્ષકારોને નોટીસ બજી ગયેલ છે. આર્બીટ્રિટરના એવોર્ડને ટ્રીબ્યુનલમાં ચેલેન્જ કરેલ નથી. આ પ્રકારની તકરાર અગાઉ કયારેય લીધેલ નથી. પ્રતિવાદી નં.૩ અને નં.૮ નાઓને જાહેર સમંસથી પણ બજવવામાં આવેલ છે પરંતુ તેઓ હાજર થયેલ નથી. સામાવાળાની જે મોર્ગેઝ પ્રોપ્રર્ટી વેચાઇ ગયેલી તેની રકમ જમા લીધેલ છે તેમજ અત્રેની અદાલતને જે હુકમ થયેલ તેની કાયદેસરતા નકકી કરવાની સત્તા નથી જે તમામ હકીકત ધ્યાને લઇ સામાવાળા નં.૨ નાએ લીધેલ તમામ વાંધા રીજેકટ કરી અમારી અરજી મંજુર કરી સામાવાળાઓને જેલમાં બેસાડવા હુકમ કરવા વિનંતી છે.

(૫) બંને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલ તથા રેકર્ડ વંચાણે લેતા, એ હકીકત ફલીત થાય છે કે, હાલના કામે દરખાસ્તદારે જે દરખાસ્ત દાખલ કરેલ છે તે આર્બીટ્રિશન ડિસ્યુટ નં.૩૯/૨૧ થી એ.એસ.ખંધાર આર્બીટ્રિટર રાજકોટ નાગરિક સહકારી બેંકનાએ તા.૦૭.૦૨.૨૦૨૨ ના રોજ જે ચૂકાદો આપી નિવેડો આપેલ તે નિવેડાના અમલ માટે કરેલ છે અને તેઓની નિમણુક મલ્ટી સ્ટેટ કો ઓપરેટીવ સોસાયટી એકટની કલમ–૮૪(૪) અન્વયે રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળી ગુજરાત રાજય ગાંધીનગરનાએ તા.૦૮.૦૨.૨૦૧૨ ના હુકમથી થયેલી છે.

(૬) સામાવાળા નં.૨ નાએ હાજર થઇ એવી તકરાર લીધેલ છે કે, આ એવોર્ડ પ્રથમથી જ વ્યર્થ છે. અમારી અને વાદીબેંક વચ્ચે આર્બીટ્રિટર નિમવાનો કોઇ કરાર નથી અને આર્બીટ્રિટર નિમતા પહેલા અમારી કોઇ સંમંતિ મેળવવામાં આવેલ નથી જેથી આ હુકમ વ્યર્થ અને પ્રથમથી જ રદબાતલ છે જેથી આ હુકમની અમલ બજવણી થઇ શકે

નહી. આર્બીટ્રિટર તરીકે નિમણુક કર્યાનો હુકમ દરખાસ્તદારે માર્ક ૧૭/૧ થી રજુ કરેલ છે તેમજ માર્ક ૧૭/૨ થી નામદાર બોમ્બે હાઇકોર્ટ દ્વારા આર્બીટ્રિટર પીટીશન નં.૨૨૦/૨૨ તેમજ પીટીશન નં.૨૨૧/૨૨ ના કામે તા.૦૯.૦૧.૨૦૨૩ ના રોજ જે હુકમ કરેલો તે હુકમની નકલ રજુ કરેલ છે. જેના પેરા-૨૫ માં ઠરાવ્યા મુજબ સેન્ટ્રલ રજીસ્ટ્રારને મલ્ટી સ્ટેટ કો ઓપરેટીવ સોસાયટી એકટની કલમ-૮૪(૪) અન્વયે તમામ પ્રકારના વિવાદ ચાલુ કે ભવિષ્યમાં ઉત્પન્ન થાય તેનો નિવેડો લાવવાનો નીકાલ કરવાની સત્તા છે અને મલ્ટી સ્ટેટ કો ઓપરેટીવ સોસાયટી એકટની કલમ-૮૪(૪) હેઠળ આ વિવાદ આર્બીટ્રિટરને રીફર કરવો ફરજીયાત છે. જેથી મલ્ટી સ્ટેટ કો ઓપરેટીવ સોસાયટી એકટની કલમ-૮૪(૪) હેઠળ એ.એસ.ખંધારની રજીસ્ટ્રારની માર્ક ૧૭/૧ ના દસ્તાવેજ મુજબ જે નિમણુક કરવામાં આવેલ છે તે નિમણુક અનુસાર હાલનો વિવાદ તેઓને સોંપવામાં આવેલ હોય અને તેઓએ આર્બીટ્રિશન ડિસ્ટ્રીબ્યુટ નં.૩૯/૨૦૨૧ થી તા.૦૭.૦૨.૨૦૨૨ ના રોજ જે હુકમ કરી જે એવોર્ડ કરેલ છે તે કાયદેસરનો અને અમલ થવા પાત્ર છે.

(૭) પ્રતિવાદી નં.૨ તરફે (૧) REGENTA HOTELS PRIVATE LIMITED APPELLANT(S) VERSUS M/S HOTEL GRAND CENTRE POINT AND OTHERS CONTEMPT PETITION (CIVIL) NO.189 OF 2025 નો ચૂકાદો રજુ થયેલ છે. જે ચૂકાદો આર્બીટ્રિશન એન્ડ કનસીલીએસન એકટ ૧૯૯૬ અન્વયેનો છે. હાલનો કેસ છે. તે માત્ર આર્બીટ્રિશન અને કન્સીલેશન એકટ અન્વયે નથી. હાલના કેસમાં આર્બીટ્રિટરની નિમણુક કરવામાં આવેલ છે તે આર્બીટ્રિશન એકટ અન્વયે કરવામાં આવેલ નથી પરંતુ મલ્ટી સ્ટેટ કો ઓપરેટીવ સોસાયટી એકટની કલમ-૮૪(૪) અન્વયે કરવામાં આવેલ છે

(૮) આ ચુકાદાના પેરા નં.૨૩ માં ઠરાવ્યા મુજબ આર્બીટ્રિશનમાં પ્રોસીડિંગ્સ શરૂ કરતા સમયે કલમ-૨૧ નુ પાલન થવુ જોઇએ અને આર્બીટ્રિશનની નિમણુક કરતા સમયે સામા પક્ષકારની સંમંતિ હોવી જોઇએ તેમજ સામાવાળા તરફે Travancore Devaswom

Board Petitioner Versus Panchami Pack Pvt. Ltd. C.A. No. 6106 of 2004. JUDGEMENT DATED 15.10.2004. નો ચૂકાદો રજુ થયેલ છે જે જોતા લવાદની નિમણુક કરવાની જોગવાઇ હોવી જોઇએ અને ત્યારે લવાદને સતા મળે છે. હાલના કેસમાં આર્બીટ્રિશન એન્ડ કન્સીલેશન એકટ ૧૯૯૬ ની કલમ-૭(૪) મુજબનો પ્રશ્ન નથી. આ ચૂકાદો કલમ-૭ અને ૪ અન્વયેનો છે હાલના કેસમાં આર્બીટ્રિટરની જે નિમણુક કરવામાં આવેલ છે તે મલ્ટી સ્ટેટ કો ઓપરેટીવ સોસાયટી એકટની કલમ-૮૪(૪) અન્વયે કરવામાં આવેલ હોય કોઈ પણ વિવાદ ઉત્પન્ન થાય તો તે રીફર કરવા માટે કરારમાં જોગવાઇ હોવી જરૂરી નથી અને સામા પક્ષકારની સંમતિની જરૂર નથી જેથી ઉપરોકત બંને ચૂકાદાઓ સામાવાળાના વિ.વ.શ્રીને મદદરૂપ થતા નથી જેથી પ્રતિવાદી નં.૨ તરફે આંક-૬૫ અને આંક-૭૦ થી રજુ થયેલ વાંધા આથી નામંજુર કરવામાં આવે છે.

(૯) સી.પી.સી.ઓર્ડર-૨૧, રૂલ-૪૧(૨) મુજબ પ્રતિવાદી નં.૪ થી ૮ ના સ્થાવર જંગમ મિલકત જાહેર કરે તેની અરજી આંક-૪૦ થી દરખાસ્તદારે આપેલી છે. તેની નોટીસ પ્રતિવાદી નં.૫ ને જાતે તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ આંક-૯૫ થી પ્રતિવાદી નં.૨ જાતે તથા પ્રતિવાદી નં.૪ ને જાતે તા.૧૯.૦૯.૨૦૨૫ ના રોજ આંક-૯૩ અને આંક-૯૪ થી બજેલ છે. પ્રતિવાદી નં.૬ અને ૭ વતી નં.૨ તા.૧૯.૦૯.૨૦૨૫ ના રોજ આંક-૯૬ અને આંક-૯૭ થી બજેલ છે. સામાવાળા નં.૧ નાએ નોટીસ સ્વીકારવાનો ઇન્કાર કરેલ છે તેવા શેરા સાથે આંક-૯૮ થી પરત થયેલ છે. પરંતુ પ્રતિવાદીઓએ પોતાની સ્થાવર જંગમ મિલકત જાહેર કરેલ નથી અને દસ્તાવેજના પ્રગટીકરણ માટે તથા રજુ કરવા અંગે આંક-૪૯ થી સામાવાળા નં.૨ નાએ અરજ આપેલી જે અરજી મુજબની નકલો સામાવાળાને પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી/સામાવાળા નં.૨ તરફે આંક-૫૮ થી સી.પી.સી.ઓર્ડર-૨૧ રૂલ-૨ હેઠળ એવોર્ડની રકમના ભાગ તરીકે મળી આવેલ રકમની સ્વીકૃતી તથા સદરહુ રકમ પ્રમાણિત થવા અરજી આપેલ જે મુજબ આંક-૫૯ થી વાદીએ આ અરજી અન્વયે

તેઓને મળેલ રકમ જાહેર કરેલ છે અને તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ છે અને એકાઉન્ટ સ્ટેટમેન્ટ રજુ કરેલ છે અને આંક-૭૯ થી પ્રતિવાદી સામે હાલની રકમની લેણી નીકળતી રકમ અંગેનુ સોગંદનામુ દરખાસ્તદાર દ્વારા રજુ થયેલ છે જે મુજબ તમામ રકમ રૂા.૭,૫૬,૧૬,૧૪૭.૦૦ અંકે રૂપિયા સાત કરોડ છપ્પન લાખ સોળ હજાર એકસો સુડતાલીસ તા.૩૦.૦૪.૨૦૨૬ ના રોજ લેવાના બાકી નીકળે છે અને ઉપરોકત રકમ પ્રતિવાદી/સામાવાળાઓએ જે મિલકત વાદીબેંકના તારણમાં મુકેલ તે મિલકત સરફેશી એકટ અન્વયે જપ્ત કરીને વેચેલી તેમાથી રૂા.૩,૧૨,૨૨,૧૧૧.૦૦ અંકે રૂપિયા ત્રણ કરોડ બાર લાખ બાવીસ હજાર એકસો અગિયાર ઉપજેલ છે જે જમા આપેલા છે અને ત્યારબાદની રકમ તા.૩૦.૦૪.૨૦૨૬ ના રોજ રૂા.૭,૫૬,૧૬,૧૪૭.૦૦ અંકે રૂપિયા સાત કરોડ છપ્પન લાખ સોળ હજાર એકસો સુડતાલીસ રૂપિયા બાકી લેણા નીકળે છે અને વાદી દરખાસ્તદારે અરજી આપવા છતાં પ્રતિવાદીઓએ પોતાની સ્થાવર જંગમ મિલકત જાહેર કરેલી ન હોય ત્યારે પ્રતિવાદીઓએ કોઈ સ્થાવર જંગમ મિલકત ધરાવતા નથી તેમ માની શકાય અને વાદીનુ લેણુ પ્રતિવાદીની સ્થાવર જંગમ મિલકતમાથી વસુલ થઇ શકે તેમ નથી તેમ માની શકાય તેમ છે અને એક પણ સામાવાળાએ એવુ જાહેર કરેલ નથી કે, તેઓને દિવાની તુરંગમાં બેસાડવાની જરૂર નથી આ લેણુ પ્રતિવાદી નં.૧ કંપનીની મિલકતમાથી કે પ્રતિવાદીની મિલકતમાથી વાદીનુ લેણુ તેની સ્થાવર જંગમ મિલકતમાથી વસુલ થઈ શકે તેમ છે.

(૧૦) હાલની દરખાસ્તની સાથે જે આર્બીટ્રિશન એવોર્ડ માર્ક ૩/૨ થી રજુ થયેલ છે તે મુજબ આર્બીટ્રિશન ડિસ્બ્યુટ નં.૩૯/૨૦૨૧ ના કામે વાદી પ્રતિવાદીઓની હરેક પ્રકારની સ્થાવર જંગમ મિલકતથી તથા જાતથી દાવાલેણુ વસુલ લેવા હકકદાર છે. જેથી હાલના દરખાસ્તદાર પ્રતિવાદી નં.૨ થી નં.૮ પાસેથી રૂા.૭,૫૬,૧૬,૧૪૭.૦૦ અંકે રૂપિયા સાત કરોડ છપ્પન લાખ સોળ હજાર એકસો સુડતાલીસ પુરા સંયુકત તેમજ વિભકત રીતે વસુલ કરવા હકકદાર હોય

વાદી/દરખાસ્તદારની અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>::– આખરી હુકમ–::</u>**

**૧.** આથી દરખાસ્તદાર/વાદીની સી.પી.સી.ઓર્ડર–૨૧, રૂલ્સ–૩૭, ૪૦ તથા સી.પી.સી.કલમ–૫૫ મુજબ આંક–૬૩ ની અરજી મંજુર કરવામાં આવે છે.

**૨.** સામાવાળા નં.૨ પ્રવિણભાઈ ભાણાભાઈ અકબરી ઉ.વ.આ.૪૮ ધંધો–વેપાર, ધર્મે–હીન્દુ, ૧૪૨, આહીર વિસ્તાર, માધુપુર.તાલાળા, નં.૩ નવનીત મહાવીરપ્રસાદ જૈન ઉ.વ.આ.૪૫, ધંધો–વેપાર, ધર્મે–હીન્દુ, સી–૬૦૨, સીકસ્થ ફલોર, દીલ્હી સ્ટેટ એન.ઈ.એફ.સી.જી.એચ.એસ.લી., પ્લોટ નં. ૧, સેકટર નં.૪ દીનેશકુમાર ભાણાભાઈ અકબરી ઉ.વ.આ.૪૪, ધંધો–વેપાર, ધર્મે–હીન્દુ ૧૪૨, આહીર વિસ્તાર, માધુપુર,તાલાળા મો.નં.૯૦૯૯૪૦૭૬૬૬ નં.૫ રાજેન્દ્રપ્રસાદ વાલજીભાઈ વ્યાસ ઉ.વ.આ. ૪૯ ધંધો–વેપાર, ધર્મે–હીન્દુ મુ.તાલાળા., નં.૬ જીતેન્દ્રભાઈ વલ્લભભાઈ હીરપરા ઉ.વ.આ.૪૫, ધંધો–વેપાર, ધર્મે–હીન્દુ ૨૨૪, કામેશ્વર મંદીર પાછળ, નં.૭ પ્રવિણભાઈ ભાણાભાઈ અકબરી ઉ.વ.આ.૪૮, ધંધો–વેપાર, ધર્મે–હીન્દુ ૧૪૨,આહીર વિસ્તાર, માધુપુર,તાલાળા મો.નં.૬૩૫૪૮૨૬૨૬ નં.૮ નવનીત મહાવીરપ્રસાદ જૈન, ઉ.વ.આ.૪૫, ધંધો–વેપાર, ધર્મે–હીન્દુ સી–૬૦૨, સીકસ્થ ફલોર, દીલ્હી સ્ટેટ એન.ઈ.એફ.સી.જી.એચ.એસ.લી., પ્લોટ નં.૧, સેકટર–૧૯, ધ્વારીકા દીલ્હી–૧૧૦૦૭૪ નાઓને રૂા.૭,૫૬,૧૬,૧૪૭.૦૦ અંકે રૂપિયા સાત કરોડ છપ્પન લાખ સોળ હજાર એકસો સુડતાલીસ વસુલ નહી આપવા બદલ એક વર્ષ માટે દિવાની તુરંગમાં બેસાડવા હુકમ ફરમાવવામાં આવે છે.

**૩.** દિવાની તુરંગમાં બેસાડવાનુ ખર્ચ દરખાસ્તદાર વાદીએ ભોગવવાનો રહેશે.

**૪.** હાલના તબકકે રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજાર દિવાની તુરંગમાં બેસાડવાના ખર્ચ પેટે વાદીએ જમા કરાવવા અને ત્યારબાદ અદાલત તરફથી હુકમ કરવામાં આવે તે મુજબ સમયમર્યાદામાં રકમ જમા કરાવવાની રહેશે. રકમ જમા કરાવવામાં કસુર થયેથી બંદીવાનોને મુકત કરવામાં આવશે.

**૫.** ખર્ચની રકમ જમા થયેથી સામાવાળા નં.૨ થી ૮ ના વિરૂધ્ધ ધરપકડ વોરંટ ઈસ્યુ કરવુ.

આજરોજ આ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૭/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી.ડિસ્ટ્રીકટ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬